| GJJN070001752025 | | | |
|---|---|---|---|
| | દાખલ તારીખ | ૧૧/૦૨/૨૦૨૫ | |
| | રજી.તારીખ | ૧૧/૦૨/૨૦૨૫ | |
| | ફેસલ તારીખ | ૧૯/૦૮/૨૦૨૬ | |
| | સમયગાળો | વર્ષ: ૦૧ | માસ: ૦૬ |
| | | દિવસ: ૦૮ | |
| | આંક : | | |

સત્યમેવ જયતે

---

## જૂનાગઢનાં મહે. બીજા એડી. સિનિયર સિવિલ જજ સાહેબની કોર્ટ, જૂનાગઢ, કેમ્પ એટ માંગરોળ, મું. માંગરોળ

---

**રેગ્યુલર દિવાની મુકદમા નંબર– ૧૬/૨૦૨૫**

**વાદી :–** પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ,
હેડ ઓફીસ–રાજકોટ,
સબ ડીવીઝન–માંગરોળ રૂરલનાં નાયબ ઈજનેરશ્રી,
ઠે.પી.જી.વી.સી.એલ.ની કચેરી,
તા.માંગરોળ, જી.જુનાગઢ

**–:: વિ રુ ધ્ધ ::–**

**પ્રતિવાદી :–** અખીયા અશોકભાઈ કરશનભાઈ,
ઉ.વ.આ.–પુખ્ત, ધંધો–મજુરી,
મુ.મકતુપુર, ઠે. રામદેવપીર મંદિરની બાજુમાં,
હાડી–હરીજનવાસ, તા.માંગરોળ, જી.જુનાગઢ.

---

વાદી તરફે : વિ.વ.શ્રી કે.બી.પરમાર.
પ્રતિવાદી તરફે : એકતરફી

---

**દાવો : સી.પી.સી. કલમ–૯ મુજબ રૂા.૨૦,૩૨૩–૩૦ પૈસા લેણી રકમ વસૂલ મળવા અંગે.**

## –:: ઠ રા વ ::–

(૧) આ કામના વાદીએ હાલનો દાવો કરી પ્રતિવાદી પાસેથી વિજવપરાશના બાકી લેણા વ્યાજ સાથે વસુલ મેળવવા માંગણી કરેલી છે. જેની ટુંકમા હકીકત નીચે મુજબ છે.

(૨) વાદીનાં દાવાની ટુંકમાં હકીકત એવી છે કે, વાદી પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ કાયદાથી સ્થાપીત કાયદામાં ફરમાવેલ જોગવાઈ મુજબ સત્તા ધરાવતી લીમીટેડ કંપની છે. તે ગુજરાત રાજ્યમાં વીજળી પુરવઠો પુરો પાડવાની કામગીરી કરે છે. વાદીની સબ ડીવીઝન પૈકીની માંગરોળ રૂરલ એક સબ ડીવીઝન કચેરી છે અને તે માંગરોળ તથા આજુબાજુના વિસ્તારમાં ગામડાઓમાં વીજળી પુરવઠો પુરો પાડવાની કામગીરી કરે છે. સરકારશ્રીના નિયમ મુજબ ગુજરાત વિદ્યુત બોર્ડમાંથી પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડમાં રૂપાંતર થયેલ છે. આ કામના વાદી સંસ્થાએ પ્રતિવાદીને રહેણાંકના ઉપયોગ માટે પ્રતિવાદી અખીયા અશોકભાઇ કરશનભાઈના નામનું વીજ કનેકશન ગ્રાહક નં.૮૦૪૦૩/૦૧૦૨૦/૯ થી આપેલું. વાદી દરેક ગ્રાહકના વીજળી પુરવઠા વપરાશનો તથા તેની પાસેથી કાયદેસરની લેણી રકમનો જનરલ લેઝરમાં હીસાબ રાખે છે. તે જનરલ લેઝર બુકમાંથી પ્રતિવાદીના હીસાબની નકલ આ સાથે રજુ રાખેલ છે. જે પ્રતિવાદી પાસે લેણી રકમ છે તે લેણી રકમ વસુલ અપાવવા માટે અનેક વખત પ્રતિવાદીને જાણ કરેલ, પરંતુ વાદીની વીજ વપરાશની રકમ પ્રતિવાદીએ ચુકવેલ નહી. જેથી વાદી કંપની મારફત પ્રતિવાદીનું કનેકશન તા.૨૫–૦૬–૨૦૨૪ ના રોજ પીડીસી કરવામાં આવેલ અને સદરહું મીટર કબજે લીધેલ તેની ગેટ પાસમાં નોંધ કરવામાં આવેલ. ત્યારબાદ પેનલ એડવોકેટ મારફત તા.૦૭–૧૦–૨૦૨૪ ના રોજ લીગલ નોટીસ આપેલ, જે નોટીસ પ્રતિવાદીને બજી ગયેલ હોવા છતાં વાદીની લેણી રકમ ભરપાઈ કરેલ નથી. જેથી

પ્રતિવાદી પાસે વીજ બીલની બાકી લેણી રકમ રેગ્યુલર બીલના રૂા.૧૬,૦૦૧.૯૩ પૈસા ડી.પી.સી. ચાર્જનાં માહે મે–૨૦૨૩ થી નવે.–૨૦૨૪ સુધીનાં રૂા.૩,૩૨૨.૩૭/– પૈસા તથા નોટીસ ખર્ચના રકમ રૂા.૧,૦૦૦/– જે કુલ રકમ રૂા.૨૦,૩૨૩.૩૦/– પૈસા બાકી લેણા રહે છે. પ્રતિવાદીએ બાકી બીલની રકમ ભરપાઈ નહી કરતા વાદી કંપનીના પેનલ એડવોકેટશ્રી મારફત નોટીશ આપવામાં આવેલી, જે નોટીશ બજેલ છે છતાં પ્રતિવાદીએ લેણી રકમ ભરપાઈ નહી કરતા હાલનો દાવો દાખલ કરવાનું કારણ ઉત્પન્ન થયેલ છે. દાવો મુદ્દતમાં છે. જેથી હાલનો આ દાવો લાવી પ્રતિવાદી પાસે વીજ બીલની લેણી નીકળતી રકમ રૂા.૨૦,૩૨૩.૩૦/– પૈસા પ્રતિવાદીની તમામ પ્રકારની મિલકતમાંથી તેમજ જાત ઉપરથી માસીક ૧૫% લેખે વિલંબીત ચાર્જ સાથે વસુલ અપાવવા તથા દાવાનું ખર્ચ પ્રતિવાદી પાસેથી અપાવવા તથા કાયદેસર મળી શકતી અન્ય તમામ દાદ અપાવવા અરજ કરેલ છે.

(૩) સદરહું દાવાના કામે પ્રતિવાદીને ધોરણસર સમન્સ–નોટીશની બજવણી આંક–૫ થી કરવામાં આવેલ છે, તેમ છતા પ્રતિવાદી જાતે કે તેમના વકીલ મુખત્યાર મારફત અદાલત સમક્ષ હાજર રહેલ નથી કે કોઈ મુદ્દત રીપોર્ટ પણ રજુ કરેલ નથી. જેથી પ્રતિવાદી વિરુધ્ધ દાવો એકતરફી ચલાવવાનો આંક–૬ ની અરજી તળે થયેલ હુકમ મુજબ આંક–૧ નીચે હુકમ કરવામાં આવેલ છે. આમ વાદીનો દાવો બીનતકરારી છે.

(૪) આ કામે આંક–૭ થી મારા પૂરોગામી ન્યાયાધીશશ્રી દવારા નીચે મુજબના મુદ્દાઓ ઘડવામાં આવેલા છે :–

**<u>–:: મુ દ્દા ::–</u>**

૧. શું વાદી કંપની પુરવાર કરે છે કે, આ કામનાં પ્રતિવાદીના ગ્રાહક નંબર ૮૦૪૦૩/૦૧૦૨૦/૯ વાળા મીટરનાં રેગ્યુલર

બીલની રકમ ભરપાઈ કરેલ નથી ?

૨. શું વાદી કંપની પુરવાર કરે છે કે, તે પ્રતિવાદી પાસેથી રેગ્યુલર બીલના રૂા.૧૬,૦૦૧.૯૩ પૈસા તથા ડી.પી.સી. ચાર્જનાં રૂ.૩,૩૨૨.૩૭ પૈસા તથા તેમજ નોટીસ ખર્ચનાં રૂા.૧,૦૦૦/– મળી કુલ રૂા.૨૦,૩૨૩.૩૦ પૈસા લેણી રકમ કાયદેસર રીતે મેળવવા હકકદાર છે ?

૩. શું વાદી કંપની માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ?

૪. શું હુકમ અને હુકમનામુ ?

(૫) ઉપરોકત મુદાઓના મારા ન્યાયિક નિર્ણયો હવે પછી જણાવેલા કારણોને લક્ષમાં લેતા નીચે મુજબ છે :–

| | |
|---|---|
| મુદ્દા નં.૧ :– | હકારમાં |
| મુદ્દા નં.૨ :– | હકારમાં |
| મુદ્દા નં.૩ :– | અંશત: હકારમાં |
| મુદ્દા નં.૪ :– | આખરી હુકમ મુજબ. |

(૬) વાદી તરફે તેના દાવાના સમર્થનમા નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે :–

**<u>મૌખિક પુરાવો : :</u>**

| ક્રમ | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| ૧. | ૦૯ | ભરતકુમાર માયાભાઈ ગરચરનું સરતપાસનું સોગંદનામું. |

**<u>દસ્તાવેજી પુરાવો : :</u>**

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| ૧. | ૧૧ | વાદી કંપનીનું ફોર્મ નં.–૧૨. |

| | | |
|---|---|---|
| ૨. | ૧૨ | ડી.પી.સી. કેલકયુલેશન શીટ. |
| ૩. | ૧૩ | પ્રતિવાદીનાં દાવાની હીસ્ટરી. |
| ૪. | ૧૪ | વાદી કંપનીનાં પ્રતિવાદીના એકાઉન્ટનો લેઝર કોપીનો ઉતારો. |
| ૫. | ૧૫ | પ્રતિવાદીનું મીટર રીપ્લેસમેન્ટ કર્યાનાં રોજકામ. |
| ૬. | ૧૬ | પ્રતિવાદીને લેણી રકમ ભરવા આપેલ નોટીસ. |
| ૭. | ૧૭ | પ્રતિવાદીનું મીટર ઉતાર્યાનો ગેટપાસ. |
| ૮. | ૧૮ | વાદીના અધિકારી મારફત પ્રતિવાદીના રહેણાંકવાળી જગ્યાનું કરેલ સ્થળ રોજકામ. |
| ૯. | ૧૯ | પ્રતિવાદીને આપેલ લિગલ નોટીસ. |
| ૧૦. | ૨૦ | લિગલ નોટીસની. રજી.એડી.ની વિન્ડો સ્લીપ. |
| ૧૧. | ૨૧ | લિગલ નોટીસ બજી ગયાનું પોસ્ટ ખાતાનું સ્ટેટમેન્ટ. |

(૬.૧) ત્યારબાદ વાદી તરફે આંક–૨૨ ની પુરસીસ આપી તેમનો પુરાવો પુરો થયાનુ જાહેર થયેલ છે.

(૭) ત્યારબાદ વાદી કંપની તરફે તેમના વિધ્વાન વકીલશ્રી કે.બી.પરમારની મૌખિક દલીલો સાંભળવામાં આવી.

(૮) સદર દાવાના કામે ઉપિસ્થત થયેલ મુદાઓના મારા નિર્ણયનાં કારણો નીચે મુજબ છે :–

**<u>–:: નિર્ણયનાં કારણો ::–</u>**

**<u>મુદા નં.–૧ થી ૪ :–</u>**

(૯) ઉપરોકત મુદ્દાઓ એકબીજા સાથે પરસ્પર સંકળાયેલ હોય હકીકતોનું પુનરાવર્તન ટાળવા માટે ઉપરોકત તમામ મુદ્દાઓની ચર્ચા એકી સાથે કરવામાં આવેલ છે. વાદીએ હાલનો આ દાવો એ મતલબનો કરેલ છે કે, આ કામના વાદી સંસ્થાએ પ્રતિવાદીને રહેણાંકના ઉપયોગ માટે પ્રતિવાદી

અખીયા અશોકભાઇ કરશનભાઇના નામનું વીજ કનેકશન ગ્રાહક નં.૮૦૪૦૩/૦૧૦૨૦/૯ થી આપેલું. આ કામના પ્રતિવાદીને આપવામાં આવેલ બીલની રકમ પ્રતિવાદીએ ભરપાઈ કરેલ નથી. જેથી પ્રતિવાદી પાસે વીજ બીલની લેણી રકમ રેગ્યુલર બીલના રૂા.૧૬,૦૦૧.૯૩ પૈસા તથા ડી.પી.સી. ચાર્જનાં માહે મે–૨૦૨૩ થી નવે.–૨૦૨૪ સુધીનાં રૂા.૩,૩૨૨.૩૭ પૈસા તથા નોટીસ ખર્ચના રકમ રૂા.૧,૦૦૦/–જે કુલ રકમ રૂા.૨૦,૩૨૩.૩૦ પૈસા બાકી લેણા રહે છે. પ્રતિવાદીએ બાકી બીલની રકમ ભરપાઇ નહીં કરતાં તા. ૦૭/૧૦/૨૦૨૪ ના રોજ કંપની મારફત નોટીસ આપવામાં આવેલ, તેમ છતા પ્રતિવાદીએ લેણી રકમ ભરપાઈ નહી કરતા હાલનો દાવો દાખલ કરેલાની હકીકત જણાવેલ છે.

**(૧૦)** વાદી તરકે તેમના દાવાના સમર્થનમાં વાદીના સાહેદ ભરતકુમાર માચાભાઈ ગરચર, નાયબ ઈજનેરનું આંક–૦૯ થી પુરાવાનું સોગંદનામુ રજુ કરેલ છે અને તેમાં તેઓએ તેમની દાવા અરજીમાં જણાવેલ હકીકતો મુજબ જ પોતાના પુરાવાના સોગંદનામામાં જણાવેલ છે અને આ કામના પ્રતિવાદી તેમના ગ્રાહક છે, જેના ગ્રાહક નં.૮૦૪૦૩/૦૧૦૨૦/૯ છે. પ્રતિવાદીને વીજ વપરાશનું બીલ રૂા.૧૬,૦૦૧–૯૩ ચડત થતાં અને પ્રતિવાદીએ ભરપાઈ નહી કરતા નોટીસ આપવામાં આવેલ, જે બજી જવા છતા પ્રતિવાદીએ બીલની રકમ ભરપાઈ નહી કરતા બીલ તથા ડીલે પેમેન્ટ ચાર્જ તથા નોટીસ ખર્ચ સહીત કુલ રૂા.૨૦,૩૨૩–૩૦ પૈસા વસુલ મળવા માટે હાલનો દાવો કરેલાની હકીકત જણાવેલ છે. આ કામે પ્રતિવાદીને ધોરણસર સમન્શની બજવણી કરવામાં આવેલ છે, તેમ છતા પ્રતિવાદી તરફે તેઓ જાતે કે તેમના વકીલ મુખત્યાર મારફતે અદાલત સમક્ષ હાજર રહેલ નથી કે દાવાનો કોઈ જવાબ રજુ કરેલ ન હોય પ્રતિવાદી સામે દાવાનું કામ એકતરફી આગળ ચાલેલ છે, જેથી આ કામે વાદી તરફે તપાસેલ સાહેદની પ્રતિવાદી ધ્વારા કોઈ ઉલટતપાસ પણ થયેલ નથી. વધુમાં વાદી તરફે તેમના દાવાના સમર્થનમાં આંક–૧૧ થી વાદીએ વેરીફીકેશન કરેલ તે પરફોર્મા નં. ૧૨,

આંક–૧૨ થી પ્રતિવાદીને કેલકયુલેશન ડીલે પેમન્ટ ચાર્જ આપેલ તે અસલ, આંક–૧૩ થી પ્રતિવાદીની કેસ હીસ્ટરી અસલ, આંક–૧૪ થી પ્રતિવાદી પાસે લેણી રકમનો લેઝરનો ઉતારો અસલ, આંક–૧૫ થી પ્રતિવાદીનું મીટર રીપ્લેસમેન્ટ કર્યાનું રોજકામ અસલ, આંક–૧૬ થી પ્રતિવાદીને લેણી રકમ ભરવા આપેલ નોટીસ, આંક–૧૭ થી મુદામાલ કબજે કર્યા અંગેનો ગેટપાસ અસલ, આંક–૧૮ થી પ્રતિવાદીના રહેણાંક મકાનવાળી જગ્યાનું સ્થળ રોજકામ કરેલ તે સ્થળ રોજકામ અસલ, આંક–૧૯ થી પ્રતિવાદીને આપેલ લીગલ નોટીસ, આંક–૨૦ થી પ્રતિવાદીને નોટીસ રજી.એડી થી મોકલેલ તેની પહોંચ અસલ અને આંક–૨૧ થી પ્રતિવાદીને રજી.એડી કરેલ તે નોટીસ બજી ગયાના પોસ્ટ ખાતાનુ સ્ટેટમેન્ટ અસલ રજુ કરેલ છે. આ સમગ્ર દસ્તાવેજો જોતાં તેમાં પ્રતિવાદી અખીયા અશોકભાઇ કરશનભાઈનું નામ, સરનામુ તથા ગ્રાહક નંબર દર્શાવેલ છે અને બાકી લેણાની વિગત દર્શાવેલ છે. તેમજ પ્રતિવાદી પાસે રૂા.૧૬,૦૦૧–૯૩ પૈસા બાકી નીકળતા હોય તેમજ ડી.પી.સી. ચાર્જના રૂા.૩,૩૨૨–૩૭ પૈસા તથા નોટીસ ખર્ચના રકમ રૂા. ૧,૦૦૦/– મળી કુલ રૂા.૨૦,૩૨૩–૩૦ પૈસા બાકી નીકળતા હોવાનો આ લેઝરમાં ઉલ્લેખ કરવામાં આવેલ છે. સદર લેઝરમાં વાદી કંપનીના કર્મચારી તથા અધિકારીની સહીઓ છે. સદર ઉતારો વાદી કંપનીના જવાબદાર કર્મચારીએ તેની ફરજના ભાગરૂપે તૈયાર કરેલ ઉતારો છે, જે કોમ્પ્યુટરાઈઝડ ઉતારો છે અને વાદી કંપનીની કસ્ટડીમાંથી રજુ થયેલ છે, તેમાં જણાવેલ હકીકતો નહી માનવાને કોઈ કારણ નથી. વધુમાં આ કામના પ્રતિવાદીને અદાલત દ્વારા ધોરણસર સમન્શની બજવણી કરવામાં આવેલ છે તેમ છતાં તેઓ હાજર રહેલા નથી કે સદર દાવાને કોઈપણ રીતે પડકારવામાં આવેલ નથી, તેમજ પ્રતિવાદી દ્વારા સદર બાકી રકમ ભરપાઈ કરી આપેલ હોય તેવો પણ કોઈ પુરાવો કે બચાવ રજુ થયેલ નથી, જે તમામ હકીકતો ધ્યાને લેતા વાદીને પ્રતિવાદી વિરુધ્ધ હાલનો ખોટો દાવો કરવાનું કોઈ કારણ નથી. લેઝર ઉતારો જોતા, આ કામના પ્રતિવાદી અખીયા અશોકભાઇ કરશનભાઇ ના નામનું વીજ કનેકશન દર્શાવેલ સરનામે આવેલ હોવાનું જણાય આવે છે અને તે રીતે આ કામના પ્રતિવાદી વાદી કંપનીના ગ્રાહક હોય અને પ્રતિવાદી

ને આપવામાં આવેલ વીજ વપરાશ બદલના બીલ ભરપાઈ નહી કરતા પ્રતિવાદી પાસે વીજ બીલના બાકી લેણાંની વસુલાત માટે વાદીએ હાલનો દાવો દાખલ કરેલ છે. પ્રતિવાદી સામે દાવો દાખલ કરવાની પરવાનગી પરફોર્મા નં. ૧૨ આંક–૧૧ થી રજુ થયેલ છે, તેમાં પણ પ્રતિવાદીનું નામ–સરનામુ તથા બીલના બાકી લેણાની હકીકતો દર્શાવેલ છે અને તેમાં ડેપ્યુટી ઈજનેરની સહી છે.

**(૧૧)** આમ, વાદી તરફે રજુ થયેલ ઉપરોકત મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા, આ કામના પ્રતિવાદી વાદી કંપનીના કાયદેસરના ગ્રાહક છે અને વાદી કંપનીમાં પ્રતિવાદીનુ ખાતુ રાખવામાં આવેલ છે અને તેમાં પ્રતિવાદીને વીજ વપરાશ સબંધે આપવામાં આવતા બીલ તથા પ્રતિવાદી દવારા ભરપાઈ કરવામાં આવતી રકમનો હિસાબ રાખવામાં આવે છે અને તેથી આ કામના પ્રતિવાદી વાદી કંપનીના કાયદેસરના ગ્રાહક હોવાનું વાદી તરફે પુરવાર થયેલ છે તેમજ આ કામના પ્રતિવાદીને બાકી લેણા સબંધે વાદી કંપની વતી નોટીસ આપવામાં આવેલ છે અને ત્યારબાદ પ્રતિવાદી ધ્વારા લેણી રકમ વસૂલ નહી આપતા વાદી કંપનીએ હાલનો દાવો દાખલ કરેલાનું રેકર્ડ જોતા જણાય આવે છે. વાદી કંપનીના કોઈ ગ્રાહક શ્રી બીલની રકમ સમય મર્યાદામાં ભરપાઈ ન કરે તો તેઓ ડીલે પેમેન્ટ ચાર્જ વસુલ મેળવવા હકકદાર બને છે. વાદીએ હાલનો આ દાવો પ્રતિવાદીએ વીજ બીલની રકમ ભરપાઈ નહીં કરતા પ્રતિવાદીની કસુરના કારણે દાખલ કરવાની ફરજ પડેલ છે અને તેના કરણે બાકી રોકાતી રકમ પર વ્યાજ વસુલ મેળવવા વાદી હકકદાર બને છે. વાદીએ તેઓની દાવા અરજીમાં જે વ્યાજની માંગણી કરેલ છે તે વધારે પડતી હોય આ કામના પ્રતિવાદી પાસેથી વ્યાજ વસુલ મળવા સબંધે કોઈ કરાર થયેલ હોય તેવો પુરાવો રેકર્ડ ઉપર રજુ થયેલ નથી, તેમ છતાં હાલના પ્રવર્તમાન વ્યાજના દરો ધ્યાને લેતા વાદી કંપનીને બાકી લેણી રકમ પર ૬ ટકા લેખે વ્યાજ અપાવવાનું ન્યાયોચિત જણાય છે. તેમજ વાદી કંપનીએ આ કામના પ્રતિવાદીને લેણી રકમ ભરપાઈ કરી આપવા નોટીસ આપવામાં આવેલ છે, તેમ છતા વીજ વપરાશની લેણી રકમ વસુલ નહી

આપતા વાદી કંપનીને હાલનો દાવો પ્રતિવાદીની કસૂરના કારણે દાખલ કરવો પડેલ હોય દાવાનું ખર્ચ પ્રતિવાદી પાસેથી અપાવવાનું વ્યાજબી જણાતુ હોય **મુદ્દા નં.૧** અને **મુદ્દા નં.ર** નો જવાબ **હકારમાં** તથા **મુદ્દા નં.૩** નો જવાબ **અંશત: હકારમાં** આપી, **મુદ્દા નં. ૪** અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

૧. વાદીનો દાવો **અંશત: મંજૂર** કરવામાં આવે છે.

૨. વાદી દાવાવાળી લેણી રકમ રૂા. ૨૦,૩૨૩-૩૦ પૈસા (અંકે રૂપિયા વીસ હજાર ત્રણસો ત્રેવીસ રૂપિયા અને ત્રીસ પૈસા પુરા) દાવો દાખલ થયા તારીખથી વસુલ થતાં સુધી વાર્ષિક ૬%ના વ્યાજ સહિત થતી તમામ રકમ પ્રતિવાદી પાસેથી પ્રતિવાદીની દરેક પ્રકારની સ્થાવર-જંગમ મિલકત તથા જાતથી વસુલ મેળવવા હક્કદાર હોવાનું ઠરાવવામાં આવે છે.

૩. વાદીના દાવાનું ખર્ચ પ્રતિવાદીએ ભોગવવું.

૪. હુકમ મુજબ હુકમનામું દોરવું.

સદરહું ચુકાદો આજ તારીખ: **૧૯મી, માહે: ઓગષ્ટ, સને: ૨૦૨૬** નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, જાહેર કર્યો.

**સ્થળ : માંગરોળ,**
**તારીખ: ૧૯-૦૮-૨૦૨૬**

**(એફ.એફ. બારડોલીવાલા)**
**બીજા એડિશ્નલ સિનિયર સિવિલ જજ**
**જૂનાગઢ, કેમ્પ એટ માંગરોળ**
**કોડ નં- જીજે ૦૧૨૮૬**